## પ્રવચન નં. ૧૭ ગાથા-૪ તા. ૨૫-૬-૭૮ રવિવાર જેઠ વદ-૫ સં.૨૫૦૪

સમયસાર, ચોથી ગાથા. પહેલું તો એમ કહ્યું કે અનંતવાર આ જીવે રાગ કરવો, ( અર્થાત્ ) ઈચ્છા કરવી અને ઈચ્છાને ભોગવવી એ વાર્તા તો અનંતવાર સાંભળી છે, આત્માના સ્વભાવ સિવાય જેનું સ્વરૂપ સહજાત્મસ્વરૂપ ચૈતન્ય ચમત્કાર જેનો સ્વભાવ છે આત્માનો, એને ભૂલીને પરની ઈચ્છા કરી અને તેને ભોગવવું-રાગનું કરવું ને રાગનું ભોગવવું એવું તો અનંતવાર કર્યું છે, અનંતવાર સાંભળ્યું છે, અનંતવાર પરિચયમાં આવી ગઈ છે વાત અને અનુભવમાં પણ એ આવી ગયું છે. રાગનો અનુભવ, પણ આત્મા, રાગ રહિત છે એની વાત તો એણે સાંભળી નથી એ વાત કહે છે.

આવું પ્રાપ્ત થયા છતાં " નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી " ત્યાં સુધી આવ્યું છે. કેવો છે આ પ્રભુ આત્મા, કઈ રીતે જણાય ? કેવો છે એ પછી કહેશે, પણ કઈ રીતે જણાય એ પહેલું કહેશે. આહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ, એ વિકલ્પ જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ, વિકલ્પ હોય છે દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિ અથવા ગુણ-ગુણીના ભેદનો રાગ ઊઠે વિકલ્પ એનાથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાન એટલે કે રાગથી ભિન્ન છે, એવી ધારણામાં તો એણે અનંતવાર કર્યું છે. શાસ્ત્ર ભણ્યો છે તો એમાં એ વાત આવી છે એ. આહાહા ! પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, એ રાગ જે પર તરફની દશા, વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે એનાથી ભિન્ન પાડવું એ રાગથી ભિન્ન ભગવાન સ્વરૂપ ચૈતન્ય ચમત્કારી સહજાત્મ સ્વરૂપ એને નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ. આહાહા ! એને પરનો કોઈ પ્રકાશ કે પરનું જાણપણું કામ કરતું નથી ત્યાં એમ કહે છે. આહાહા !

નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, રાગથી ભિન્ન અને સ્વરૂપ ચૈતન્ય અંતરંગમાં, ચૈતન્યના પ્રકાશથી ભરેલો પ્રભુ સહજાત્મસ્વરૂપ અનંત આનંદ સ્વરૂપ ( નિજાત્મા ) એને નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એ, આહાહા ! જેમ એ જાણનાર, રાગને, શરીરને, વાણીને જાણે છે આમ, પણ એ જાણનારો રાગથી ભિન્ન નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. પ્રત્યક્ષ જાુદો દેખવામાં આવે છે. ઓહોહો ! ચૈતન્યના જેના પ્રકાશમાં આ જણાય છે કે આ છે, છે, છે; એવો જે ચૈતન્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ ( જ્ઞાયક ) એ નિર્મળ ભેદજ્ઞાન, પરથી લક્ષ છોડી, પરને જાણનારો હું છું એ પણ છોડી, આહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશ, જે વિકલ્પ ને પરથી જાણવું છે એને ય છોડી દઈ, એનાથી પણ નિર્મળ ભેદજ્ઞાનના પ્રકાશથી, સ્પષ્ટ પ્રત્યક્ષ ભિન્ન દેખવામાં આવે, એ આનંદ સ્વરૂપ પ્રભુ ( જ્ઞાયક ) અતીન્દ્રિય આનંદના વેદનમાં ભિન્ન દેખવામાં આવે. આહાહાહાહા !

પરથી ભિન્ન જુદો, અંદરના વિકલ્પ ઊઠે દયા દાનના એનાથી જુદો, એવું જે નિર્મળ ભેદજ્ઞાન, ધારણામાં કર્યું છે જે એ ભેદજ્ઞાન નિર્મળ નથી. આહાહા ! શાસ્ત્રથી ધાર્યું છે, સાંભળ્યું છે કે એ જુદો છે એ ધાર્યું છે એ ભેદજ્ઞાન નિર્મળ નથી. આહાહા ! એ તો રાગ મિશ્રિત ભેદજ્ઞાન એણે જાણ્યું છે, એને વાસ્તવિક ભેદજ્ઞાન કહેતા નથી. આહાહાહા ! નિર્મળ ભેદજ્ઞાનરૂપ, નિર્મળ ભેદજ્ઞાનરૂપ, પ્રકાશથી એના પ્રકાશથી, આહાહા ! પરના જાણવા તરફથી પણ જુદું પાડવું, ઘણું

ટૂંકામાં સમાડી દીધું છે. કેમ જણાય આત્મા ? અનંત કાળથી જાણ્યો નથી, એ વસ્તુ પ્રભુ અંદર ચૈતન્ય ચમત્કારથી ભરેલો પદાર્થ, પરમ આનંદની ગાંઠડી, પરમ આનંદનો સ્વભાવ જેનો પૂરો ભર્યો છે. આહાહા ! વસ્તુ છે એ પોતે દુઃખરૂપ ન હોઈ શકે. દુઃખ તો વિકાર છે. તેથી તો અતીન્દ્રિય આનંદના સ્વરૂપે બિરાજમાન અંદર આત્મા છે, દરેક. આહાહા !

એને ભેદજ્ઞાનરૂપી નિર્મળ પ્રકાશથી, જુદા પાડવાના ભેદજ્ઞાનરૂપી નિર્મળ પ્રકાશથી સ્પષ્ટ, પ્રગટ ભિન્ન દેખવામાં આવે છે. આહાહાહા ! એવું માત્ર ભિન્ન આત્માનું એકપણું જ, આવું માત્ર બસ. આહાહા ! આ ભિન્ન આત્માનું એકપણું, રાગથી ભિન્ન પરના જાણવાપણાના લક્ષથી પણ ભિન્ન, આહાહાહા ! એવું ભિન્ન આત્માનું માત્ર આ એક જ બાકી રહી ગયું છે કહે છે. આહાહાહા ! બાકી તો કર્યું ઘણું, સાંભળ્યું, ધાર્યું. આહાહા ! માત્ર આ ભિન્ન આત્માનું. આહાહા ! એકલો નિર્મળાનંદ પ્રભુ અંદર છે, ચૈતન્ય સૂર્ય, ચૈતન્યના પ્રકાશનો પૂંજ પ્રભુ અંદર છે, ભાઈ તને ખબર નથી. એવા માત્ર, આ ભિન્ન આત્માનું એકપણું, આ ભગવાન આત્મા એને પરથી જુદાપણું, જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે. આ એની વ્યાખ્યા કરી હવે, પહેલો ઉપાયથી મળે પ્રગટ એમ કહ્યું, તો હવે છે કેવો અંતરંગ પ્રભુ ? આહાહા ! જે સદા પ્રગટપણે, વ્યક્તપણે આ અંતરંગમાં, ચૈતન્યસ્વરૂપ અંતરંગમાં પ્રગટપણે પ્રકાશમાન જ્યોતિ છે. આહાહા !

ચૈતન્યના પ્રકાશની જ્યોતિ છે એ, અંતરંગમાં એ ચીજ ભરી છે એની. આહાહા ! સદા પ્રગટપણે અંતરંગમાં, સદાય પ્રગટપણે અંતરંગમાં, ત્રિકાળ ભગવાન આત્માનું સ્વરૂપ સદાય અંતરંગમાં પ્રકાશમાન છે, પ્રકાશમાન ચૈતન્ય પ્રકાશ જ્યોતિ છે, ચંદ્ર જેમ જિન ચંદ્ર પ્રકાશ શિતળનો પિંડ જેમ છે, એમ આ આત્મા શીતળ, પ્રકાશ, શીતળ નામ અકષાય; અકષાય સ્વભાવના પ્રકાશનો પિંડ છે, આવી વાતું હવે. અંતરંગમાં પ્રકાશ છે. છે અંદરમાં પ્રકાશમાન કહે છે. અને ભેદજ્ઞાનથી પ્રત્યક્ષ જણાય એવો છે, એમ બે વાત કરી, છે અંદર અંતરંગમાં ચકચકાટ ચૈતન્ય વસ્તુ તત્ત્વ છે, તત્ત્વ છે, અસ્તિ છે, તો ઈ ચૈતન્યના આનંદના ચમત્કારથી પ્રકાશમાન પ્રભુ અંદરમાં બિરાજે છે. આહાહા ! એને ભેદજ્ઞાનની નિર્મળ જ્યોતિથી સ્પષ્ટ જાણવામાં આવે, એવો એ છે. પણ તેને એણે જાણ્યો નહિં કોઈ દિ ' આહાહા ! છે ?

" તોપણ કષાયચક્રના સાથે " શુભ ને અશુભ રાગ એની સાથે, " એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી " આહાહા ! એક થતો નથી, ચૈતન્ય પ્રકાશનો પૂંજ પ્રભુ, એ પુણ્ય ને પાપ શુભ અશુભનો રાગ કષાય, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ રાગ, એ રાગ કષાય છે. આહાહા ! એની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું, એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, કષાયચક્ર, ચક્ર કેમ કીધું ? પુણ્ય ને પાપ શુભ અને અશુભ ભાવ એ કષાય ચક્ર–વૃત્તિ ઊઠે રાગ એક પછી એક. શુભ અશુભ; શુભ અશુભ, આહાહા ! એવા કષાયચક્રની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, માનવામાં આવતું હોવાથી એમ કહે છે અહીં, છે તો પ્રકાશમાન જ્યોતિ પ્રગટ ભિન્ન, પણ રાગના કષાયના કણ સાથે એકરૂપ જેવું, એકરૂપ થયું નથી. એકરૂપ થાતું નથી પણ એકરૂપ જેવું કરવામાં આવ્યું ઊંધા પુરુષાર્થથી. આહાહાહા ! અલૌકિક વાતું છે બાપુ આ.

અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, સદાય અંતરંગમાં પ્રગટ પ્રકાશમાન છે અને તે ચીજ

નિર્મળ ભેદજ્ઞાનરૂપી પ્રકાશથી સ્પષ્ટ દેખવામાં આવે એવો છે એમ કહે છે. આહાહા ! ભારે કામ આકરું, માણસને અભ્યાસ નહિં. આખું મૂળ ચીજ અંદર શું છે ? આવો હોવા છતાં અંતરંગમાં પ્રકાશમાન જ્યોતિ અને ભેદજ્ઞાનથી સ્પષ્ટ પ્રકાશમાન, સ્પષ્ટ દેખવામાં આવે એવો હોવા છતાં, આહાહા ! કષાય નામ રાગ શુભ અશુભ ભાવ, એના ઉપર દૃષ્ટિ હોવાથી જાણે કે હું કષાય રાગવાળો છું. એવો કષાયચક્રના ભાવની સાથે, એકરૂપ જેવું કરવામાં આવ્યું, ( શું કહ્યું ? ) એકરૂપ જેવું, એકરૂપ થયું નથી પણ એણે માન્યતામાં, વસ્તુ સ્થિતિ આ છે અંતરંગમાં પ્રકાશમાન એની ખબર ન મળે. તેમ ભેદજ્ઞાનથી સ્પષ્ટ દેખવામાં આવે છે એવો ઉપાય ન મળે. આહાહા !

તેથી રાગના ચક્રની સાથે પુણ્ય ને પાપના શુભ અશુભ ભાવ એવા કષાયચક્રના સમૂહ સાથે, આહાહા ! એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, કેમ નથી જાણતો ? ભેદજ્ઞાનથી જણાય એવું છે, અંદરમાં પ્રકાશમાન છે, છતાં કેમ જાણતો નથી ? કે કષાય સાથે એકરૂપ જેવું માન્યું છે એણે. આહાહા ! શુભ ને અશુભ રાગ એ કષાય છે. કષાય એટલે કષ નામ સંસાર ને આય નામ લાભ, જેમાંથી પરિભ્રમણનો લાભ મળે. આહાહા ! એની સાથે એક જેવું, એકપણે કર્યું છે એમ નહિં, એને એક જેવું માન્યું છે. આહાહાહા !

ભગવાન ચૈતન્ય જ્યોત અંદર બિરાજમાન એને નિર્મળ ભેદજ્ઞાનથી પૃથક દેખવામાં આવે એવી એ ચીજ છે. છતાં કષાયના રાગનો વિકલ્પ છે, એની સાથે એક જેવું કરવામાં આવ્યું, આ જાણે એક છું હું અને રાગ એક છું, એમ કરવામાં– માનવામાં આવ્યું. આહાહાહા ! પ્રવિણભાઈ ! આવી વાતું છે. અરે ક્યાંય આવું સાંભળવા મળે એવું નથી. આહાહા ! એની તો ગાથા ચાલે છે એ સાંભળ્યું નથી આ વાત આ રીતે, સાંભળી હોય તો તેં અંદર પ્રયોગમાં મૂકી હોય. આહાહાહા !

એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, આહાહા ! ગજબ ભાષા છે ને ! ચૈતન્ય જ્યોત દ્રવ્ય સ્વરૂપ છે જે વસ્તુ એ તો ચૈતન્યના સહજાત્મસ્વરૂપના પ્રકાશ ને આનંદની મૂર્તિ છે. એને રાગ સાથે એકપણું કદી ન થાય અને રાગનો વિકલ્પ છે ભલે શુભ હો, એની સાથે અંતરંગમાં સદા પ્રકાશમાન જ્યોતિ છે. એ રાગની સાથે ને એની સાથે વચ્ચે સાંધ છે, સંધિ છે, સાંધ છે, વચ્ચે ત્રડ છે વચ્ચે, એક થયા નથી. આહાહા ! દેવીલાલજી ! આવી વાતું છે.

આવો કઈ જાતનો ધર્મ અરે બાપુ. આહાહા ! વર મૂકીને જાન જોડી દીધી. વર ન મળે મૂળ મુખ્ય, એમ આત્મા મુખ્ય ચીજ કેવડી ને કેવી છે. એનાં જ્ઞાન ને ભાન વિના આ ક્રિયાકાંડમાં જોડી દીધા. આહાહા ! દયા પાળો ને, વ્રત પાળો, ભક્તિ કરો ને પૂજા કરો, આ ભજન કરો, આહાહા ! એ વર વિનાની જાન છે. આહાહા ! ( શ્રોતાઃ જાન કહેવાય ઈ ) એમ લોકો કહે બાકી તો માણસના ઢગલા ટોળાં કહેવાય, જાન તો ક્યારે કહેવાય કે વર હારે હોય તો. દુલ્હો દુલ્હો કહે છે ને તમારે હિંદીમાં, દુલ્હો હારે હોય વર તો એને જાન કહેવાય–એમ ચૈતન્યનું ભાન રાગથી ભિન્ન હોય તો પછી રાગ આવે ખરો તો એને વ્યવહાર કહેવામાં આવે. આહાહા ! આવો ઝીણો ઉપદેશ હવે–આહાહા !

આવું હોવાથી " અત્યંત તિરોભાવ પામ્યું છે. " વસ્તુ તો વસ્તુ છે પણ રાગ ને કષાય ને પુણ્યની સાથે એક જેવું કરવામાં આવ્યું હોવાથી, આહાહા ! અત્યંત તિરોભાવ એ જીવને ઢંકાઈ

ગયું છે. જેણે રાગ અને કષાય સાથે એકપણું કર્યું છે, એને એ ઢંકાઈ ગયું છે. વસ્તુ તો વસ્તુ છે અંદર, જ્ઞાયક ચૈતન્ય જ્યોત, પણ રાગ અને કષાય સાથે એકપણું કરવાથી એને એ જ્ઞાયકપણું લક્ષમાં આવતું નથી, એને ઢંકાઈ ગયું છે. સમજાણું કાંઈ ? જ્ઞાયકપણું જે છે વસ્તુ એ ઢંકાતી નથી તેમ પ્રગટ થતી નથી, એ તો છે એ છે. પણ અજ્ઞાનીને એ સ્વરૂપ કોણ છે એની ખબર નથી, અને તેથી દયા દાનના વિકલ્પની વૃત્તિ સાથે એકપણું માનીને રોકાઈ ગયો છે, એને તે જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. એને તે જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવતો નથી. આહાહાહા ! આવી વાત છે.

અત્યંત તિરોભાવ પામ્યો એમ પાછું. આહાહાહા ! એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી, એ કષાયનો ભાવ છે શુભ–અશુભ એની સાથે, મૂળ તો કહેવું છે કે પર્યાય બુદ્ધિ હોવાથી આહાહા ! અત્યંત દ્રવ્ય સ્વભાવ તેને તિરોભૂત ઢંકાઈ ગયો છે. આહાહા ! સમજાણું કાંઈ ? છે ને સામે પુસ્તક, શેનો અર્થ ચાલે છે આ ? આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! હજી તો સંપ્રદાયના નામ બીજા સાંભળે ત્યાં ભડકે, આહાહા ! આ તો દિગંબર સંપ્રદાય છે, આ તો સનાતન દિગંબર છે બીજું આ બધું... અરે ભાઈ સાંભળને બાપા ! એવું દેખીને ભડકે છે, ભાગે છે, અરેરે એને આવું શું ?

અંદર રાગના વિકલ્પની સાથે એક જેવું કરવામાં આવ્યું હોવાથી, એટલે કે સ્વભાવની સાથે વિભાવ એકરૂપ છે એમ માનવામાં આવ્યું હોવાથી–આહાહા ! એવો જ્ઞાયકભાવ ભગવાન સહજાત્મ સ્વરૂપ, ચૈતન્યના પ્રકાશના આનંદનો પૂર એ એની દૃષ્ટિમાં ઢંકાઈ ગયું છે. પ્રગટ પ્રકાશમાન છે, એ તો કીધું ને ? આહાહાહા ! મારગ ઝીણો પ્રભુ, તું મોટો ને માર્ગ ઝીણો. આહાહા ! તારી મોટપની શું વાત કરવી કહે છે, તું રાગથી ભિન્ન પડ તો ભેદજ્ઞાનથી જણાય એવી તારી મોટપ છે. કોઈ રાગથી ને ગુરુથી ને કેવળીથી જણાય જાય, શાસ્ત્રના જાણપણાથી જણાય જાય, એવો નથી પ્રભુ. આહાહાહા ! તારી મોટપ મોટી છે પ્રભુ ! આહાહા ! કે જે તને તારા ઉપર લક્ષ કરીને, રાગથી ભિન્ન પડે તો તું જણાય એવો છો. તારી મોટપને દૃષ્ટિમાં લઈ અને રાગથી ભિન્ન પડે તો તું જણાય એવો છો. આહાહા ! આવી વસ્તુ છે.

“ તિરોભાવ પામ્યું છે, ઢંકાઈ રહ્યું છે, આહા ! તે પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી, ” પોતે રાગની એકતા માની છે, તેથી તે અનાત્મજ્ઞપણું છે. આહાહા ! અનાત્મજ્ઞ, અનાત્મજ્ઞ, જે આત્મા નથી એને પોતાનો માનીને પડયો છે. આહાહાહા ! પોતામાં અનાત્મજ્ઞ, રાગ છે એ અનાત્મજ્ઞ છે, આહાહા ! એની સાથે એકપણું માનીને પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી, “ પોતે આત્માને નહિં જાણનારો હોવાથી, ” આહાહા ! પર્યાયમાં જે રાગનો અંશ આવ્યો ભલો શુભ આચરણનો, એને જાણે આત્મા સાથે એક કરી માન્યું તેથી તેને, આહાહા ! છે ? આહાહા ! અનાત્મજ્ઞપણું હોવાથી જાણી શકયો નથી એમ કહે છે. રાગની એકતામાં અનાત્મજ્ઞપણું હોવાથી– અંદર આત્મા પ્રકાશમાન જ્યોતિ વિદ્યમાન હોવા છતાં તેને તેણે જાણ્યો નથી. આહાહા ! પોતે આત્માને નહિં જાણતો હોવાથી એક વાત, બીજા આત્માને જાણનારાઓની સંગતિ; સેવા નહિ કરી હોવાથી એ શું વળી પાછું ? આમ તો અનંતવાર તીર્થંકરોના સમોસરણમાં ગયો, અનંતવાર સાચા સંતનો શિષ્ય થયો, એના પરિચયમાં રહયો છે પણ અહીં કહે છે આત્માને જાણનારાઓની સેવા નહીં કરી. આત્માના જાણનારની સેવા ન કરી એમ કીધું ને ? તો એનો આત્મા જે જાણનાર છે, આત્મા કોને કહેવો ?

કે રાગ રહિત જે આત્મા છે, એવું જેણે જાણ્યું છે, ને એને આત્મા કહેવો, એવા આત્માની તેં સેવા કરી નથી. એ આત્માઓએ તો આત્મા બતાવ્યો છે. આહાહાહા !

આમ કહેવું છે કે અનંતવાર ગુરુ મળ્યા, અનંતવાર તીર્થંકરને મળ્યો, સમોસરણમાં ગયો તોપણ અજ્ઞાની રહ્યો. એનો અર્થ ? કે જાણનારની આજ્ઞા શું છે ? જાણનાર આત્માની આજ્ઞાની સેવા શું છે ? કે એ જાણનાર આત્માને, એમ કહ્યું કે તારો આત્મા રાગથી ભિન્ન છે એમ જો, ભેદજ્ઞાનથી તને મળશે. એવી આજ્ઞા એની હતી એ આજ્ઞા એણે માની નહીં. તેથી એણે ગુરુની સેવા કરી નહિં એમ કહેવામાં આવે. ગુરુ કાંઈ શરીર નથી કે એની સેવા કરવી, ગુરુ વાણી નથી કે જે વાણીની સેવા કરવી. આહાહા ! ગુરુ તો વીતરાગી સ્વરૂપ મૂર્તિ પ્રભુ છે. એની સેવા ન કરી એટલે કે એણે જે કહ્યું કે તારું સ્વરૂપ વીતરાગ છે અને અમારા કહેવાનો તાત્પર્ય પણ વીતરાગભાવ પ્રગટ કરવાનો છે. એ વીતરાગભાવ પ્રગટ તારા વીતરાગ સ્વભાવને આશ્રયે થાય એમ એમણે કહ્યું એ માન્યું નહીં, સમજાણું કાંઈ ?

પહેલી ગાથાઓ બધી ઝીણી છે. બાર ગાથાઓ મૂળ ભૂમિકા છે. પછી તેરથી એનો વિસ્તાર થાય છે. આહાહા ! હજી તો એને સમજવું કે શું વાત કહે છે એ પકડવી કઠણ પડે એનો અર્થ એમ થયો કે આત્માને જાણનારની સેવા કરીએ તો કલ્યાણ થાય. પણ સેવાની વ્યાખ્યા શું ? ગુરુની સેવા એટલે શું ? ગુરુ એટલે શું ? વીતરાગ સ્વરૂપી પ્રભુ, વીતરાગ સ્વરૂપી ગુરુ, એ વીતરાગ સ્વરૂપને બતાવનાર એવા વીતરાગ સ્વરૂપને જાણ્યું નહીં એટલે વીતરાગની સેવા કરી નહીં. આહાહાહા ! આવી વાત છે.

જાણનારાઓની સેવા ન કરી એટલે ? જાણનાર કોણ ? જાણનાર શરીર છે ? જાણનાર રાગ છે ? આહાહા ! એનું જે જ્ઞાન અને જ્ઞાતાપણું એ ગુરુ, એની સેવા ન કરી એટલે કે જ્ઞાન સ્વરૂપી આત્માને બતાવ્યો એણે, એમ માન્યું નહિ એણે. કોઈ પણ રીતે રાગ અને પરથી લાભ થાય, એવી માન્યતામાં એણે ગુરુની સેવા એટલે ગુરુએ કહ્યું તે માન્યું નહીં. આહાહા ! કેટલું સમાડયું છે ? એક તો પોતે અનાત્મજ્ઞ છે એટલે કે રાગને પોતાનો કરીને, જે નથી એમ માનીને બેઠો છે, એથી અનાત્મજ્ઞ છે, અને જેણે આત્માને રાગથી ભિન્ન જાણ્યો છે એને એ રાગથી ભિન્ન કરવાનું એ કહે છે. એ એની આજ્ઞા છે. આહાહા ! ગુરુ અને દેવની આજ્ઞાનો સાર વીતરાગતા છે વીતરાગતા એમણે બતાવી, એણે વીતરાગતા પ્રગટ ન કરી, રાગને આશ્રયે પડીને, વીતરાગ સ્વરૂપ આત્મા એનું જ્ઞાન ન કર્યું, એટલે એની સેવા કરી નહીં એમ કહેવામાં આવે છે. આહાહાહા !

બીજા આત્માને જાણનારાઓની સંગતિ એટલે સેવા નહીં કરી હોવાથી, આહાહાહા ! છે ને ? " પરેષામાત્મજ્ઞાનામનુપાસનાચ્ચ " આહાહા ! સેવા કરી નહિ એમ છે ને ? અન્ ઉપાસનાચ્ચ–પરની અન્–ઉપાસના એટલે સેવા કરી નથી, સેવાનો અર્થ સ–એવ એણે જે કીધું કે તારું સ્વરૂપ વીતરાગ છે અને તે રાગથી ભિન્ન પડીને જણાય એવું છે. એવું કહ્યું એ આજ્ઞા માની નહિં. એ એણે સેવા કરી નહિં એમ કહેવામાં આવે છે. કાંઈ સેવા એટલે એને પકવાન ખવરાવવા અને એના પગ દાબવા એ ગુરુ છે તે એની સેવા કરી ? આ તો જડ છે માટી છે. પણ આ શરીર તો જડ છે. એને ગુરુ કહેવાય ? વાણી છે એને ગુરુ કહેવાય ? આહાહા.

આ કારણે એમ, એક તો પોતે રાગના સૂક્ષ્મ વિકલ્પને જાણે એ આત્માનો હોય એમ માનીને અનાત્મજ્ઞપણે રહ્યો અને આત્મજ્ઞાનીએ કહેલી વાતના ભાવને જાણ્યો નહિં–આહાહાહા ! શાસ્ત્ર બાર અંગ છે પણ કહે છે શું બાર અંગ, ગુરુ ને કેવળી, બાર અંગમાં કહે છે શું ? કે વીતરાગતા. વીતરાગતા થાય કેમ ? કે સ્વને આશ્રયે. એ ગુરુની આજ્ઞા હતી એ રીતે એણે ન કર્યું. સમજાણું કાંઈ ? પૂર્વે નથી કદી સાંભળવામાં આવ્યું. આહાહાહા ! આ કારણે રાગને એકપણાપણે માનીને અનાત્મજ્ઞ–જ્ઞાનપણે રહ્યો, આત્મજ્ઞાનીની આત્મજ્ઞાન કરવાની જે આજ્ઞા એની તો સેવા કરી નહિં. તેથી, છે ?

" નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું " કદી સાંભળવામાં આવ્યું નથી કે રાગથી ભિન્ન ચીજ છે, એ વીતરાગ સ્વરૂપ છે અને ભિન્ન પાડ તો વીતરાગતા પ્રગટ થાય. એ વાત એણે કદી સાંભળી નથી. સાંભળી, કાને પડી હોય, પણ અંદરમાં ભાવ પ્રગટ કર્યો નથી, માટે તે સાંભળી નથી. આહાહાહા ! સાંભળ્યાનું પરિણામ આવ્યું નહિ, આહાહા ! એટલે સાંભળ્યું નથી. સમજાણું કાંઈ ? આ પ્રભુ અંદર રાગના અંશથી પણ ભિન્ન પ્રભુ, વસ્તુ હોય એ વિકારી કેમ હોય ? વસ્તુ અટકે તો અલ્પજ્ઞપણું થઈ જાય વસ્તુમાં, એ વસ્તુ કેમ હોય ? આહાહા ! એ તો પર્યાય અટકે અને પર્યાયમાં અલ્પજ્ઞપણું હોય, વસ્તુ તો પૂરણ છે. આહાહા !

ચૈતન્ય ચમત્કારથી સમાધિથી ભરેલો ભગવાન, શાંત રસથી ભરેલો પ્રભુ એનું જ્ઞાન કર્યું નહિં, રાગની એકતા બુદ્ધિને લઈને, છે તો રાગથી ભિન્ન, તું માન તો ય ભિન્ન અને ન માન તો ય ભિન્ન. આહાહા ! અને ગુરુની આજ્ઞા એટલે આ, ગુરુ પોતે રાગની આજ્ઞા કરે નહિં, કારણકે રાગની આજ્ઞા એ તો વિકારની છે. આહાહા ! એ તો વીતરાગ તારું સ્વરૂપ છે અંદર પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ છો તું. આહાહા ! ચૈતન્યની ચમત્કારી જ્યોતિથી ભરેલો વીતરાગ મૂર્તિ તારું સ્વરૂપ અને તેને આશ્રયે જ વીતરાગતા નામ ધર્મ થાય એ વાત એણે લીધી નહિં. એ માટે પૂર્વે કદી સાંભળ્યું નથી. આહાહાહા !

" નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું " કહો એક બાજુ કહે કે સમોસરણમાં અનંતવાર ગયો, કેવળી આગળ રહી ગયો કોરો ! સર્વજ્ઞ પરમાત્મા બિરાજે છે, સદાય હોય છે મહા વિદેહમાં તો હોં, મનુષ્ય ક્ષેત્ર છે હોં, મનુષ્ય ક્ષેત્રમાં છે. ત્યાંય અનંતવાર જન્મ્યો છે, અનંતા પુદ્‌ગલ પરાવર્તન ભવ કર્યા, સાંભળવા અનંતવાર ગયો છે. કે એ તેં સાંભળ્યું નથી સાંભળવાનું પરિણામ રાગથી ભિન્ન પડવું, તે જોઈએ, તે થયું નહિં, તેથી તેં સાંભળ્યું નથી. આહાહાહા !

" નથી પૂર્વે કદી પરિચયમાં આવ્યું " સાંભળવામાં આવ્યું નથી, પણ પરિચય પછી ક્યાંથી આવે ? રાગ વિનાનો મારો પ્રભુ એમ પરિચય કે દિ ' કરે ઈ. આહાહાહા ! નિર્વિકલ્પ ચીજ છે પ્રભુ રાગ વિનાની ( આત્મવસ્તુ ), એનો એણે પરિચય કર્યો નથી, કેમ કે સાંભળવામાં આવ્યું એવું એણે સાંભળ્યું નહિં, એવું એણે કર્યું નથી તો પછી પરિચયમાં આવ્યું નહિં. આહાહા ! નથી પૂર્વે કદી અનુભવમાં આવ્યું; રાગથી ભિન્ન પ્રભુ ( જ્ઞાયક ), કેમ કે રાગ છે એ તો પુણ્ય તત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. આહાહા ! નવ તત્ત્વ છે. એમ અજીવ, શરીર વાણી માટી એ તો અજીવ છે, પાપના–હિંસા, ચોરી જુઠુંના ભાવ એ પાપ તત્ત્વ છે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય તત્ત્વ છે, પ્રભુ તો એનાથી ભિન્ન જ્ઞાયક તત્ત્વ છે. આહાહાહા ! નવ તત્ત્વને

જાણે તો એમાંય આત્મા જ્ઞાયક તત્ત્વ છે એમ આવે છે. એ આત્મા રાગ તત્ત્વ છે એમ નથી આવતું ત્યાં. આહાહા !

" આ કારણે એને અનુભવમાં આવ્યું નથી તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી " આહાહા ! રાગથી, વિકલ્પથી કષાયનો શુભ ભાવના અંશથી પણ જુદો, એવી વાત એને સાંભળવામાં આવી નથી, તેથી સુલભ નથી. એ વાત કાંઈ સુલભ નથી. એ સાંભળવી સુલભ નથી, પરિચયમાં આવવી સુલભ નથી અને અનુભવમાં આવવી સુલભ નથી, એમ કહે છે આહાહાહા ! સાંભળવી સુલભ નથી ( શ્રોતાઃ- ઉપદેશ જ ક્યાંક ક્યાંક છે ૧૧મી ગાથામાં આવે છે ) બહારના આશ્રયે અને પર અપેક્ષાથી આત્માને લાભ થાય તો એ ચીજ જેનાથી લાભ માન્યો એ ચીજ પોતાની માની-આહાહાહા ! જેનાથી લાભ થાય એ ચીજ જ પોતાની માની. રાગથી લાભ થાય, ને નિમિત્તથી લાભ થાય, આહાહા ! તો નિમિત્તો ને પરચીજને ને રાગને પોતાની માની, પણ પોતે જે સ્વભાવ છે અને તેનાથી લાભ થાય-સ્વભાવથી સ્વભાવનો લાભ થાય. આહાહા !

શુદ્ધ ઉપયોગથી આત્માનો લાભ થાય. આહાહા ! આવી વાત એણે ( સાંભળી નહિં ), ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી શુદ્ધ ઉપયોગથી એ પ્રાપ્ત થાય એ રાગથી નહીં. એવું એનું સ્વરૂપ છે, એવું ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. એ કાંઈ સુલભ નથી વાત બાપુ ! સાંભળવી સુલભ નથી. પરિચય સુલભ નથી, અનુભવ સુલભ નથી. આહાહા ! આવા આવા કારણે કહ્યું ને ? રાગને એકત્વ કરીને બેઠો, પોતે અનાત્મજ્ઞ છે, આત્મજ્ઞાનીની આજ્ઞા માની નથી, ભેદજ્ઞાન કરીને જણાય, એવો પ્રકાશમાન જ્યોતિ છે, એવું લક્ષમાં લીધું નથી, તેથી તે વાત સુલભ નથી. આહાહાહા ! કહો જયંતિભાઈ ? તમારે રવિવારે કહો વાત તો આવી સારી. આહા !

ઓહોહો ! શું ગજબ વાત કરી છે ને ! ! કહે છે પ્રભુ અમને સાંભળ્યું તેં, એ પણ વિકલ્પ છે અને એનાથી લાભ માને તો તેં આત્માને કષાય જેવો કર્યો તેં એને. આહાહાહા ! આહાહાહા ! ત્રણ લોકના નાથ એમ કહે અને કુંદકુંદાચાર્ય આદિ દિગંબર સંતો એમ કહે, અમે કહ્યું તે, તેં સાંભળ્યું નથી. આહાહા ! અમારી સેવા તેં કરી નથી, એટલે કે અમારું કહેવાનું તો રાગથી ભિન્ન પડીને આત્માને જાણવાનું કહેવાનું છે, ભેદજ્ઞાનથી જણાય એવો આત્મા છે, તે જણાવાનું અમારે કહેવું છે. આહાહા ! એને ઠેકાણે તેં કોઈ પણ રીતે, પરની અપેક્ષાથી, રાગથી, નિમિત્તથી ભેદનું જ્ઞાન કરવાથી અભેદ થાય, વ્યવહારથી પરમાર્થ જાણવામાં આવે છે કે નહીં ? એવો પાઠ છે કે નહીં ? એ તો એમ કહે છે કે એ દ્વારા એને જણાવે છે. પણ એ જાણનારો ભેદને અનુસરતો નથી. કહેનારો અને જાણનારો ભેદને અનુસરતો નથી. બીજો કોઈ ઉપાય નથી એને જણાવવાનો, ' જ્ઞાન તે આત્મા ', લ્યો ! એટલો ભેદ પાડયા વિના સમજાવવું શી રીતે ? આહાહા !

અંદર ચૈતન્યનો પ્રકાશ છે તે આત્મા એ પણ એટલો ભેદ પાડીને સમજાવ્યું લો ! પણ સમજાવ્યું શું ? આત્મા ત્યાં જો દૃષ્ટિ આપે તો ભેદથી સમજાવ્યું એમ નિમિત્તથી કહેવામાં આવે. છતાં એ નિમિત્તને ને ભેદને અનુસરવા લાયક નથી. આહાહાહા ! આવી વાતું છે. અરે ! ૮૪ લાખના અવતાર કરી કરીને અનંતકાળથી, અનાદિનો છે એ કાંઈ નવો છે ? તો ક્યાં રહ્યો ? આ ભવમાં રહ્યો કીડી, કાગડા, કૂતરા, કંથવા ને નારકી ને પશુ ને ઢોર ને, આહા ! માણસ થયો ને દેવ

થયો પણ એ થોડા ભવ, આ ઘણાં ભવ. આહાહા ! દેવથી પણ નિગોદના ભવ ઘણાં કર્યાને ? આહાહા !

એક પણ વાત એને યથાર્થપણાથી જો ખ્યાલમાં આવી જાય, તો બીજા બધા ભાવોની સુલભતા થઈ જાય.. કે અનાદિથી આ છું, જે છે એને આદિ ન હોય, છે એને આદિ શું ? અને છે એની ઉત્પત્તિ શું ? છે એ રહ્યો ક્યાં ? પરિભ્રમણમાં, પ્રત્યક્ષ દેખાય છે કે માણસપણું તને મળ્યું છે તો ભવ મળ્યો તને. આહાહા ! અને તે ભવના કારણ તેં સેવ્યા, હેં ? તો આ ભવ, પહેલાં ભવના કારણ, આ ભવ પહેલાં ભવના કારણ એમ બધા સેવીને ભવ કર્યાં. આહાહા ! આહાહા ! બહુ વાત અંતરની છે ને ! એમ કહ્યું છે ને ! અંતરંગમાં કહ્યું 'તું ને, પ્રકાશમાન જ્યોતિ છે, સદા અંતરંગમાં પ્રગટપણે પ્રકાશમાન જ્યોતિ છે, જુઓ આટલા શબ્દ વાપર્યા છે. છે ને ?

સદા ત્રિકાળ, પ્રગટપણે– પ્રત્યક્ષ થઈ શકે, અંતરંગમાં– અંતરમાં આમ બાહ્યમાં નહિં, પ્રકાશમાન જ્યોતિ પૂર્ણ છે. આહાહા ! આવો તો પ્રભુ છે. એને ભેદજ્ઞાનની જ્યોતિ વડે જોયો ને જાણ્યો નહીં. આહાહા ! આ બહારનો જાણવાવાળો હું, રાગનો કરવાવાળો હું, પણ બહારનો જાણવાવાળો નહિં પણ જાણનારો, જાણનારાનો હું. આહા ! જેની ભૂમિકામાં જાણવું થાય છે, એને જાણ્યું તે હું, પરને જાણ્યું તે એ ( હું ) નહિં. આહાહા ! એવી રીતે પરથી ભિન્ન આત્માનું પામવું સુલભ નથી. આહાહા ! દુર્લભ છે ભાઈ. આવ્યું ને ? " એયતસ્સુવલંભો નવરિ ન સુલહો વિહત્તસ્સ " વિભક્ત પરથી જુદો સ્વથી એકત્વ એ સુલભ નથી. આહાહા ! અરે ! એ દુર્લભ છે વાત ભાઈ. તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી. આહાહા ! પછી સુલભ નથી એનો અર્થ કર્યો કે દુર્લભ છે એ તો. ભાવાર્થ કે સુલભ નથી એટલે કે દુર્લભ છે એમ. આહાહા !

ભાવાર્થઃ– ' આ લોકમાં ' એક તો આ લોક સિદ્ધ કર્યો, લોક– જગત છે. આહાહા ! " એમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર ઉપર ચઢી " પુણ્ય પાપના રાગના ચક્ર ઉપર ચઢી એમ અહીં સંસારરૂપી ચક્ર ઈ, કષાયભાવ તે સંસાર છે. અને પુણ્ય ને પાપ, પુણ્ય ને પાપ, શુભ અને અશુભ, શુભ અને અશુભ, એવા ચક્રે ચઢી " પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ કર્યા " જગતના જેટલા સંયોગી પદાર્થો છે તેના સંયોગમાં આવી ગયો, જગતનું જેટલું ક્ષેત્ર છે દરેક ક્ષેત્રમાં જન્મી ને મરી ચૂક્યો, કાળ જેટલો છે તે દરેક કાળમાં જન્મ મરણ પરાવર્તન કરી ચૂક્યો, ભવ જેટલા છે, એટલા ભવ પણ કરી ચૂક્યો અને ભાવ જેટલા છે પુણ્ય પાપના ભાવ અનંતવાર કરી ચૂક્યો. આહાહાહા !

" ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ઘોંસરે જોડે છે " મોહકર્મનો ઉદય એટલે મિથ્યાત્વભાવ, વિપરીત માન્યતા, આહાહા ! એ રાગનો કણ મારો એવી માન્યતા ( તે ) મિથ્યાત્વ, આહાહા ! એ મિથ્યાત્વરૂપી પિશાચ, મિથ્યાત્વરૂપીપિશાચ ભૂતડું ઘોંસરે જોડે છે. આહાહા ! ઢોરને ઘોંસરે નાખે છે ને ? આહાહા ! માથા ઉપર ઘોંસરું નથી મૂકતા ક્યાં મૂકે છે ? ગળા ઉપર કે આંહી ( કાંધે ) ઘોસરું મૂકે છે. ઘોસરું ઉંચું કરે ત્યાં ગરી જાય ને આમ આંહી. મિથ્યાત્વરૂપી પિશાચ, વિપરીત શ્રદ્ધા એવું ભૂતડું ઘોંસરે જોડે છે. આહાહાહા ! સંસારના– મજૂરના કામમાં જોડાઈ ગયો છે ઈ મિથ્યાત્વરૂપી ભૂતડે આ કરવું ને આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા ! એને મિથ્યાત્વરૂપી પિશાચે જેમ ઘોંસરું ઊંચુ કરે અને ગરી જાય બળદ એમાં, એમ આ ગરી ગયો છે અનાદિથી. આહાહા ! પહેલા તો બળદને નાનો હોય અને ઘોંસરામાં નાખવું હોય તો ઘણું શીખવવું પડે, પરાણે ખેંચવું પડે, ઘોંસરું હોય ને બળદનું ગાડાનું,

પહેલું બચ્ચું હોય ને તો એને ખેંચવું પડે, માંડ માંડ હેઠે આવે, અને પછી ટેવ પડી જાય, પછી ઓલો લાકડું ઊંચુ કરે આમ ઘોંસરું ત્યાં હેઠે માથું નાખી દે. એમ નાના બાળકને વેપાર ધંધામાં પરાણે ખેંચવા પડે નહીંતર ભાગી જાય પણ ( થડે ) બેઠો પછી તૈયાર થઈ ગયો એટલે જોડાઈ ગયો અંદર, સલવાઈ ગયો. આહાહા !

લોકને સુધારી દઈએ ને લોકને સુધારું એવા કામમાં પછી ઘોંસરે જોડાઈ ગયો મિથ્યાત્વથી આહાહા ! જે કરી શકતો નથી, કોને સુધારે ? કોને બગાડે ? આહાહા ! પણ મિથ્યાત્વ- વિપરીત શ્રદ્ધારૂપી ભૂતડું એવા ઊંધા કામમાં જોડી દીધો એને; અરે, શુભમાં જોડી દીધો એને મિથ્યાત્વને ( લઈને ) આ કરવું પડે આ કરવું જોઈએ. આહાહા !

" તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપી દાહથી પીડિત થાય છે. " એટલે શું કહે છે ? કે વિપરીત શ્રદ્ધા જે રાગને પોતાનો માન્યો એવું ભૂતડું એણે ઘોંસરે જોડી દીધા કામમાં. કેમ ? કે મિથ્યાત્વમાંથી તૃષ્ણા ઉત્પન્ન થઈ પરની, સમ્યગ્દર્શનમાં ભાવના અંતરની આવે અને મિથ્યાત્વમાં ભાવના પરની આવે. પર- આનું કરું, આનું કરું, છોકરાનું કરું, બાયડીનું કરું. આહાહા ! તૃષ્ણારૂપી દાહ, એ કષાયના રાગરૂપી તૃષ્ણા ફાટી મિથ્યાત્વમાંથી અનંતાનુબંધી, આહાહાહા ! દાહથી પીડિત થાય છે બળતરા થાય અંદર, તો પણ એમાં કામ કર્યા કરે એને ખબર નથી કે આ શું છે ? વિષય તૃષ્ણારૂપી દાહથી પીડિત છે. આહાહા ! અને તે દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને. આહાહા ! ઈચ્છા થાય એનો ઉપાય શું ? કે આને ભોગવી લઉં, આને ખાય લઉં, આને પી લઉ, આને જોઈ લઉં, એ એનો ઉપાય માને છે. આહાહાહા ! દાહનો ઈલાજ ઈન્દ્રિયોના રૂપાદિ, રૂપને જોઈ લઉં તો મારી ઈચ્છા પૂરી થઈ જાય એમ, ખાય લઉં ખૂબ, ભોગ લઈ લઉં ખૂબ, તો પછી શાંતિ થાય, આહાહા ! એમ ભોગમાં જોડાઈ ગયો કહે છે. આહા ! તૃષ્ણામાં જોડાઈ ગયો ! પોતાનો સંતોષ આનંદ સ્વભાવ એમાં ન આવતાં રાગના કણમાં એકતા માનતાં મિથ્યાત્વમાંથી તૃષ્ણા ઉત્પન્ન થઈ, એ તૃષ્ણાએ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં જોડી દીધો. અણીંદ્રિ ભગવાન રહી ગયો. આહાહા !

છે ને ? " ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે, " તે પર દોડે છે. આહાહાહા ! સારા ( બધી ) ઈન્દ્રિયોના વિષયો દેખે, સ્ત્રીઓના શરીરો, પોતાનું શરીર, લાડવા ને દાળ ભાત ને આમ ઊંચી ઊંચી ચીજો મેસૂબને જોવે ત્યાં ખેંચાઈ જાય છે, જોડાઈ જાય છે, પણ એ બધી ધૂળ છે. ભગવાન આનંદનો નાથ અંદર છે ત્યાં ન જતાં આ બહારની તૃષ્ણામાં દોડે છે. દોડે છે એક પછી એક-આ લઉં, આ લઉં, આ લઉં. એક રાજાની વાતેય આવે છે કથામાં-ખાવા ટાણે ઊંચું ઊંચું ખાવાનું હોય, એ વખતે દાસીને નચાવે, એ વખતે ફૂલ ઝાડમાં વચ્ચે બેસે એમ પાંચેય ઈન્દ્રિયોના વિષયોને જાણે ભોગવું એક સાથે, એક હતો. આપણે હીરાભાઈ કહેતા, હીરાચંદ માસ્તર. આવે છે ને એ કથામાં આવે છે ખાવા- પીવામાં મેસૂબ ને ઈ ખાય, ફૂલના ઝાડ હોય એમાં બેસે, એ સૂંઘે, ખાય, દાસી આદિ રૂપાળી બાઈયું હોય એને નચાવે એટલે બધું એક હારે પાંચેય ઈન્દ્રિયના વિષય. આહાહા ! એ દોડા દોડ કરે છે પર તરફ. અંતરમાં વલણની વાતને સાંભળતો નથી. આહાહા ! જાણીને પર ( તરફ ) દોડે છે. પછી વિશેષ છે.

* * *